


## વિદ્યાર્થીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓને સફળતા માટે ગણેશ ચતુર્થીમાં ધારણ કરો

# ચમત્કારિક ગણેશ રુદ્રાક્ષ



**જડીબુટ્ટી**

**નજુમી**

વર્ષ 2026માં ગણેશ ચતુર્થી 14 સપ્ટેમ્બર 2026 (સોમવાર)ના દિવસે છે. આ દિવસે ઘરો અને મંડપોમાં ભગવાન ગણેશની સ્થાપના કરવામાં આવે છે અને 10 દિવસીય ગણેશોત્સવનો શુભારંભ થશે.

**ચતુર્થી તિથિ આરંભઃ** 14 સપ્ટેમ્બર 2026ના રોજ સવારે 07:06 વાગ્યે.

**ચતુર્થી તિથિ સમાપ્તઃ** 15 સપ્ટેમ્બર 2026ના સવારે 07:44 વાગ્યે.

**ગણપતિ સ્થાપના (મધ્યાહન મુહૂર્ત):** સવારે 11:05 વાગ્યાથી બપોરે 01:35 વાગ્યા વચ્ચે. (મધ્યાહન કાળમાં સ્થાપના ઉત્તમ માનવામાં આવે છે.)

**ગણેશ ચતુર્થીમાં શ્રીગણેશ રુદ્રાક્ષ અને સરસ્વતી કવચ**

ભગવાન ગણેશ બુદ્ધિ પ્રદાતા માનવામાં આવે છે.

એવી જ રીતે મા સરસ્વતીને વિદ્યાદાત્રી માનવામાં આવે છે.

આ જ કારણે વિદ્યાર્થીઓને ભગવાન ગણેશ તેમજ સરસ્વતીની ઉપાસના કરવાનું કહેવામાં આવે છે.

જ્યોતિષમાં 'બુધ' તેમજ 'ગુરુ' બુદ્ધિ તથા શિક્ષણ આપનાર ગ્રહ માનવામાં આવે છે. જો જન્મકુંડળીમાં આ ગ્રહોની સ્થિતિ નબળી હોય, તો જાતક ભણવામાં નબળો રહે છે. અને જો તેમની સ્થિતિ પ્રબળ હોય - તો જાતક ભણવા તેમજ શિક્ષણમાં ઉચ્ચ સફળતા પ્રાપ્ત કરે છે...

**નેપાળના અસલ ગણેશ રુદ્રાક્ષ સાથે સિદ્ધ સરસ્વતી તાવીજ, નવગ્રહનાં રત્નનું લોકેટ, બુધનાં અને ગુરુનાં ઉપરત્નો વગેરે સહિત પ્રચંડ શક્તિશાળી વિદ્યાર્થીઓને ભણવા માટે ગણેશ ચતુર્થીમાં આ કવચ લાભદાયી રહેશે!**

આ સિવાય નવગ્રહોમાં પણ સંતુલન થવું જરૂરી છે. એ પણ જરૂરી છે કે તમારી કુંડળીમાં પાંચમો વિદ્યા/શિક્ષણના ભાવનો સ્વામી, ભાગ્ય ભાવનો સ્વામી તેમજ કર્મ ભાવનો સ્વામી બળવાન હોવો જોઈએ!

– આવી સ્થિતિમાં તમારું શિક્ષણ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવાનું સ્વપ્ન ફક્ત સ્વપ્નનું જ બનીને રહી જાય છે!!

સામાન્ય રીતે જોવામાં આવ્યું છે કે, વિદ્યાર્થી અથવા વિદ્યાર્થીની પોતાના પાઠોને યાદ તો કરે છે પરંતુ થોડાક સમય પછી અથવા પરીક્ષારૂમમાં ભૂલી જાય છે!! બીજી કેટલાંયે વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીઓ પરિશ્રમ તો ઘણો કરે છે, પરંતુ તેને અનુરૂપ પરીક્ષાનું પરિણામ પ્રાપ્ત થતું નથી.

એવાં પણ ઘણાં ઉદાહરણ મળે છે કે, જેમાં જાતક ભણવામાં નબળો હોય છે. એના સિવાય કેટલાયે લોકોનું ભાગ્ય ભણવાની બાબતે નબળું હોય છે

જેના કારણે તે ભણવામાં તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અપેક્ષિત સફળતા મેળવી શકતા નથી!

કેટલાયે એવા વિદ્યાર્થીઓ હોય છે જેને તથ્યોની જાણકારી તો પર્યાપ્ત હોય છે, પરંતુ તે તેની ઉત્તર-પુસ્તિકા... ઉત્તરવહીની... સપ્લિમેન્ટરીમાં અભિવ્યક્ત કરી શકતા નથી! એટલે કે તેમની લેખન-શૈલી નબળી હોય છે.

એવા પણ વિદ્યાર્થીઓ હોય છે કે જે મૌખિક પરીક્ષા અથવા ઈન્ટરવ્યૂમાં પોતાની ક્ષમતા અનુરૂપ પ્રદર્શન કરવામાં સક્ષમ નથી હોતા.

**આ પ્રકારે શિક્ષણ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતાના ક્ષેત્રમાં નીચે મુજબની સમસ્યાઓ આવે છેઃ**

યાદ રાખીને પણ ભૂલી જવું.

પરિશ્રમ-મહેનતના અનુરૂપ પરીક્ષાનું પરિણામ ન આવવું.

કુશાગ્ર બુદ્ધિ હોવા છતાં પણ ભણવામાં મન ન લાગવું.

ભણવામાં નબળા હોવું.

ભણવામાં ભાગ્ય નબળું હોવું.

લેખનશૈલી તેમજ અભિવ્યક્તિ ક્ષમતાનું નબળું હોવું વગેરે.

**આ બધી સમસ્યાઓમાં નિદાન માટે હિંદુ ધર્મમાં તેમજ જ્યોતિષ શાસ્ત્રમાં નિમ્નલિખિતની પૂજા-ઉપાસના, રત્ન-રુદ્રાક્ષ ધારણ કરવાનું જણાવ્યું છેઃ**

1. શ્રી ગણેશઃ ગણેશ રુદ્રાક્ષ
2. મા સરસ્વતીઃ શ્રી સરસ્વતી તાવીજ
3. બુધ ગ્રહઃ બુધ ગ્રહનું ઉપરત્ન (લીલો અકીક).
4. ગુરુ ગ્રહઃ ગુરુનું ઉપરત્ન (પીળો અકીક).
5. નવગ્રહઃ નવગ્રહ રત્ન લોકેટ.

ભણવા તેમજ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા માટે "શ્રીગણેશ-સરસ્વતી તાવીજ"ને ધારણ કરવાની પ્રક્રિયા કરવી જોઈએ. આગળ ગણેશ ચતુર્થીનું સિદ્ધ પવિત્ર મુહૂર્ત આવે છે જે છે. આ ચતુર્થીના દસ દિવસમાં સડસડાટ તેમજ એકાગ્રતાશા... યાદશક્તિ સાથે ભણવા માટે આ કવચ ગળામાં ધારણ કરવું જોઈએ. પછી જુઓ તેનો ચમત્કાર! કારણ કે કોઈ તમને એક કવચમાં ગણેશ રુદ્રાક્ષ, સરસ્વતી તાવીજ, લીલા પીળા ઉપરત્નના મણકા... તેમજ નવગ્રહનાં રત્નોનું સહિતનું આ કવચ આપે. તેને દિવ્ય-મંત્રોથી સિદ્ધ કરવામાં આવે છે. પૂર્વ તરફ મોં રાખીને આ તાવીજને શ્રીગણેશાય નમઃ અને ઐં સરસ્વત્યૈ નમઃ મંત્ર બોલતાં બોલતાં ગળામાં ધારણ કરી લેવું.



## ગણેશ ચતુર્થીમાં કરાવો

# ગણેશ યજ્ઞ... ગણેશ યાગ... ગણેશ હવન!

**યંત્ર-મંત્ર-તંત્ર**

**યજ્ઞેશ ત્રિવેદી**



ગણેશ યાગ (ગણેશ યજ્ઞ કે હવન) કરવાથી જીવનમાં બધા પ્રકારનું વિઘ્નો દૂર થાય છે અને સુખ-સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. સનાતન ધર્મમાં તેને ભગવાન ગણેશજીની સૌથી શક્તિશાળી અને ફળદાયી ઉપાસના માનવામાં આવે છે.

**- ગણેશ યાગના મુખ્ય લાભ**

**વિઘ્ન અને નડતરોનો નાશઃ** ભગવાન ગણેશને વિઘ્નહર્તા કહેવાય છે. ગણેશ યાગના પ્રભાવથી કેરિયર, વેપાર, શિક્ષણ કે વ્યક્તિગત જીવનમાં આવતી બધા અવરોધો દૂર થઈ જાય છે.

**સુખ-શાંતિ અને સમૃદ્ધિ :** આ યજ્ઞથી ઘરમાં સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે. તેનાથી પરિવારમાં સુખ-શાંતિ જળવાઈ રહે છે અને આર્થિક સમૃદ્ધિના દ્વાર ખુલે છે.

**શત્રુઓ અને નકારાત્મકતાથી રક્ષણઃ** ગણેશ યાગમાં નકારાત્મક શક્તિઓ, ખરાબ નજર અને શત્રુઓના પ્રભાવને નષ્ટ કરવાની વિશેષ ક્ષમતા હોય છે.

**બુદ્ધિ અને જ્ઞાનની પ્રાપ્તિઃ** આ અનુષ્ઠાનથી મન-પ્રબુદ્ધ થાય છે, સ્મરણ-શક્તિ (યાદશક્તિ) તેજ થાય છે અને વિદ્યાર્થીઓને ભણવામાં સફળતા મળે છે.

**ગ્રહ-દોષોની શાંતિ :** શ્રીગણેશજીની કૃપાથી કુંડળીની ખાસ કરીને બુધ અને કેતુથી જોડાયેલા અશુભ પ્રભાવ કે દોષ શાંત થાય છે.

**નકારાત્મક કર્મોનું શમનઃ** આ શક્તિશાળી હવન પાછળ પાછલા જન્મ કે વર્તમાન જીવનનાં ખરાબ કર્મોનાં અશુભ ફળોના પ્રભાવને ઓછા કરવામાં મદદરૂપ થાય છે.

કોઈપણ નવું કાર્ય, ગૃહ પ્રવેશ કે વિશેષ અનુષ્ઠાન પહેલાં ગણેશ યાગ કરાવવો અત્યંત શુભ અને મંગળકારક માનવામાં આવે છે.

શ્રી ગણેશજી-એક એવા હિન્દુ દેવતા છે જે નડતરો, વિઘ્નો, અવરોધો અને નકારાત્મક પ્રભાવોને તત્કાળ દૂર કરવાનું સામર્થ્ય રાખે છે. તેમની કૃપાથી સમસ્ત દુઃખ અને સંકટ તરત દૂર થઈ જાય છે અને કષ્ટોનું શમન પણ થાય છે. પરંતુ આ હવન-યજ્ઞ જાણકાર પાસે કરાવવો.

**જીવનમાં એક વખત ગણેશજીનો ગોળના લાડુથી અથવા ફક્ત ગોળથી ગણેશ મંત્રો કે ગણેશ અથર્વશીષથી હવન કરાવો... ભગવાન ગણેશ તમારાં સંકટો દૂર કરશે!**

## આત્મશુદ્ધિનું પર્વઃ

# પર્વાધિરાજ પર્યુષણ... મહાપર્વ...



વર્ષ 2026માં શ્વેતાંબર સમુદાય દ્વારા આ પર્વ સપ્ટેમ્બરના બીજા સપ્તાહ (લગભગ 8 સપ્ટેમ્બરથી 15 સપ્ટેમ્બર 2026)માં ઉજવાશે. પર્યુષણ પર્વ જૈન ધર્મનો સૌથી પવિત્ર અને મહત્ત્વપુર્ણ મહાપર્વ છે. જે આત્મશદ્ધિ, સંયમ અને આંતરિક રૂપાંતરણનું પ્રતીક છે.

**- પર્યુષણ પર્વનું મહત્ત્વ અને ઉદ્દેશ**

**આત્મશુદ્ધિ અને પ્રાયશ્ચિતઃ** આ પર્વ વર્ષભર જાણ્યે-અજાણ્યેમાં થયેલાં કર્મોના બંધનોમાંથી આત્માને મુક્ત કરવા અને પાશ્ચાતાપ (પ્રાયશ્ચિત) કરવાનો વિશેષ અવસર છે.

**સાધના અને તપસ્યાઃ** આ દિવસોમાં ઉપવાસ, એકાશણા (દિવસમાં એકવાર ભોજન), સ્વાધ્યાય (ધાર્મિક ગ્રંથ વાંચવો) અને ધ્યાન જેવી કઠોર તપસ્યા પણ કરવામાં આવે છે.

**ક્ષમવાળી (સંવત્વસરી):** પર્યુષણ પર્વના અંતિમ દિવસે સંવત્વસરી કે ક્ષમાવાણી પર્વ ઉજવાય છે, જેમાં

**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

બધા જીવોથી મન, વચન અને શરીરથી 'મિચ્છામી દુક્કડમ' (ક્ષમા યાચના) કરવામાં આવે છે, જે મનને સંપૂર્ણ પવિત્ર કરી દે છે.

**શ્વેતાંબર સમુદાય દ્વારા આજે તા. 8 સપ્ટેમ્બર 2026ને મંગળવારના રોજ જૈન પર્યુષણનો પ્રારંભ થયો છે... જે 15 સપ્ટેમ્બર સુધી ઉજવાશે.... જૈન ધર્મનું સૌથી પવિત્ર અને મહત્ત્વપૂણ્ મહાપર્વ છે- જે આત્મ શુદ્ધિ, સંયમ અને આંતરિક રૂપાંતરણનું પ્રતીક છે!!**

**- પર્યુષણ પર્વનું બીજું નામ કયું છે?**

પર્યુષણ પર્વને પર્વાધિરાજ (બધાં પર્વોનો રાજા), મહાપર્વ કે આત્મશુદ્ધિનું પર્વ પણ કહેવામાં આવે છે.

**- પાંચ મહાવ્રતઃ** જૈન ધર્મમાં જીવનને પવિત્ર બનાવવા અને મોક્ષ પ્રાપ્ત કરવા માટે પાંચ મહાવ્રતો મહાપર્વ છે. જેનો શાબ્દિક અર્થ : આત્માની નજીક રહેવું અથવા ચારે તરફથી આવીને પોતાના આત્મામાં વસવું છે.

**સંધિઃ** આ શબ્દ પરિ (ચારે તરફથી) અને ઉષણ કે વસ (વાસ કરવો કે રોકાવું)થી મળીને બન્યો છે.

**ભાવાર્થ :** તેનો અર્થઃ બહારના પ્રપંચો અને વિકારોને છોડીને ચારે તરફથી વીંટીને પોતાના આત્માની અંદર રહેવું. આત્મ-નિરીક્ષણ કરવું અને પોતાનાં વાસ્તવિક સ્વરૂપે (આત્મા)માં લીન થવાનું છે.

**આધ્યાત્મિક અર્થઃ** આચાર્યો અનુસાર જેનાથી આપણાં પાપ નષ્ટ થાય અને આત્માના વિકાર સંપૂર્ણ રીતે સમાપ્ત થાય- તેને પર્યુષણ કહે છે.

**અવધિઃ** શ્વેતાંબર જૈન સમાજ આ પર્વને 8 દિવસ સુધી અને દિગંભર જૈન સમાજ તેને 10 દિવસ સુધી (જેને 10 લક્ષણ પર્વ કહે છે) ઉજવે છે.

**પર્યુષણના 8 દિવસનું સ્વરૂપ**

**શરૂઆતના દિવસ (પહેલાથી સાતમાં દિવસ સુધી):** આ દિવસોમાં ઉપવાસ, સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય અને વિશેષ નિયમ (જેમ કે કાચું પાણી કે રાત્રિ ભોજનનો ત્યાગ) કરવામાં આવે છે. તેમને અને ઈન્દ્રિયોને વશમાં કરવાનો સમય હોય છે.

**આઠમો દિવસ (સમવત્સરી):** આ પર્યુષણનો સૌથી મહત્ત્વપૂર્ણ અને અંતિમ દિવસ હોય છે. તેને ક્ષમાપર્વ કે સંવત્સરિ કહે છે. આ દિવસે બધા લોકો જાણ્યે-અજાણ્યે થયેલી ભૂલોને એક-બીજા પાસે ક્ષમા માંગે છે અને મિચ્છાતિ દુક્કડમ્ કહે છે.

# તમારું સંતાન ખોટા રસ્તે ગયું હોય અથવા જઈ ચૂક્યું હોય તો તને પાછું અષ્ટવિનાયક કવચ વાળશે!

**સમસ્યા અને સમાધાન**

**વાય.જે.ટી.**

ભણવા માટે, ઉચ્ચ અભ્યાસ તેમ જ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પાસ થવા માટે, આગળ વધવા માટે શ્રીગણેશની તમારા ઉપર કૃપા જરૂરી છે. અને તે માટે ગણેશ ચતુર્થીના દિવસો આવી રહ્યા છે. આ દસ દિવસોમાં શ્રીગણેશની વિશેષ કૃપા મળશે જેથી તમારું રિઝલ્ટ ઘણું સારું જોવા મળશે. તો તેનો લાભ લઈને તમારું જીવન ઝડપથી સુધારી શકો છો. નવજીવન બનાવી દો. આ માટે તમારે શ્રીગણેશજીની કૃપા મેળવવા ગળામાં 'અષ્ટવિનાયક કવચ' ગળામાં ધારણ કરવું જોઈએ. બસ પછી તમારી મહેનતનું પરિણામ એક જ વખતમાં પોઝિટિવ જોવા મળશે. ફક્ત ગળામાં ધારણ કરવાથી નહીં, પણ શ્રીગણેશ પ્રત્યે સાચી શ્રદ્ધા અને વિશ્વાસથી તમે જો ધારણ કરશો તો તમોને તેનો ફાયદો જોવા મળશે.

**અષ્ટવિનાયક કવચ**

ભગવાન ગણપતિજીનાં જ અલગ-અલગ સ્વરૂપોને અષ્ટવિનાયકની સંજ્ઞા આપવામાં આવે છે. જેમણે સમય-સમય પર અવતરિત થઈને પોતાના ભક્તોને વિપત્તિઓમાંથી તારીને તેમને એક સુખી અને ભયમુક્ત વાતાવરણ આપ્યું હતું. અને આ જ આઠેય સ્વરૂપોને એક-એક કરીને તમારા માટે તૈયાર કરવામાં આવ્યું છેઃ ઋદ્ધિ-સિદ્ધિ દાયક આ અષ્ટવિનાયક કવચ; જે ભક્તોની મનોકામનાઓ, અભિલાષાઓને પૂર્ણ કરવામાં એક સક્ષમ અને ઠોસ આધાર છે.

વક્રતુંડ - નડતરનો નાશ કરનાર અને વિઘ્નોને હરનાર.

એકદંત - લોભ, મદ, મોહ, મત્સરથી મુક્તિ આપનાર.

મહોદર - સુખી અને આનંદપૂર્વક જીવન આપનાર.

ગજાનન - ઋદ્ધિ-સિદ્ધિ તેમજ સંપૂર્ણ ઐશ્વર્ય આપનાર.

લંબોદર - ક્રોધ તેમજ અધર્મનો નાશ કરનાર.

વિકટ - સંકટોને હરનાર અને શત્રુઓ પર વિજય આપનાર છે.

વિઘ્નરાજ - વિઘ્નોનું હરણ અને મંગલ કાર્યોને પૂર્ણતા આપે છે.

ધૂમ્રવર્ણ - દુષ્ટ પ્રવૃત્તિઓ પર કાબૂ કરાવી ધર્મ-કર્મમાં વિજય આપનાર.

દરેક માનવમાં કેટલીક શુભ તેમજ કેટલીક અશુભ પ્રવૃત્તિઓ હોય છે.

અશુભ પ્રવૃત્તિઓ સ્થિતિ તેમ જ વાતાવરણ જોઈને કેટલાયે ઘણી વધી જાય છે. આપણે પોતાનાં જીવનમાં વિજય, ધર્મ-કર્મ, શુભ-લાભ, ઋદ્ધિ-સિદ્ધિ, સુખ તેમજ ઐશ્વર્ય જોઈએ. સાથે જ શત્રુનાશ, ઋણમાંથી મુક્તિ, દુષ્ટ-પ્રવૃત્તિઓનો નાશ, અધર્મનો નાશ પણ જોઈએ. તેથી અમે તમારા માટે બધું જ એકસાથે એક કવચમાં આપી રહ્યા છે.

તમે આ કવચ ક્યાં કારણોસર ધારણ કરો?જો તમારું સંતાન અત્યારે ભણતું હોય અને તમોને લાગે કે તેનું ધ્યાન ભણવામાં નથી; અથવા તેની સ્મરણ(યાદ)શક્તિ નબળી છે. અથવા તેનું કોઈ બીજી જ ગતિવિધિઓમાં વધારે ધ્યાન હોય તો...

તેને સંકટોનો, નડતરોનો સામનો વધારે કરવો પડતો હોય તો...

જો તમોને લાગે કે, તમારું સંતાન ખોટા રસ્તે જઈ રહ્યું હોય અથવા જઈ ચૂક્યું હોય તો...

તમે નોકરી કરી રહ્યા હોય પરંતુ સતત અપમાનિત જ થતાં રહેતા હોય. તો...તમારી યાદશક્તિ ઓછી થતી હોય તો...

તમે તમારાં કાર્ય-કામમાં વધારે બુદ્ધિકૌશલ બનાવવા ઈચ્છો છો તો...

**શું તમે કર્જમાંથી મુક્ત નથી થઈ રહ્યા?**

તમે તમારા ક્રોધનું કે તમારા જીવનસાથીના ક્રોધનું... સંતાનના ક્રોધનું શમન કરવા ઈચ્છતા હોય તો...

તમે આ બધાં કારણો માટે પોતે, પોતાના સંતાનને, જીવન-સાથીને, મિત્રને, પરિવારજનને, ભાઈ બંધુઓ પણ આ કવચ ધારણ કરી કરાવી શકો છો... ભેટ કરી શકો છો... કારણ કે જો તમારા પરિવારમાં સુખ-શાંતિ તો તમે પણ સુખી જીવન વિતાવી શકશો.

ગણેશ ચતુર્થીમાં અષ્ટવિનાયકની કૃપા-પ્રાપ્તિ માટે તેમજ જીવનની મહત્ત્વની સમસ્યાઓ દૂર કરવા માટે ગળામાં આ કવચ ધારણ કરવું જોઈએ.